Ref.(IT) No. 11 of 2012
Order Under Ex-236

## ઔદ્યોગિક ન્યાય પંચ નં.૨, સુરતના પ્રમુખ અધિકારીશ્રી સમક્ષ.

રેફરન્સ (આઈ.ટી.) નં.૧૧/૨૦૧૨

પ્રથમ પક્ષકાર :– સંજીવની હોસ્પિટલ
મુ.પો.ચલથાણ, તા.પલસાણા, જી.સુરત.

::– વિ રૂ દ્ધ –::

બીજા પક્ષકાર :– સંજીવની હોસ્પિટલમાં કામ કરતા
કામદારો/કર્મચારીઓના યુનિયન પ્રતિનિધિ તરીકે
સુરત લેબર યુનિયન.

### ::– પ્રથમ પક્ષકાર તરફેની આંક–૨૩૬ ની અરજી નીચે હુકમ –::

**(૧)** પ્રથમ પક્ષકાર તરફેની હાલની અરજી, દસ્તાવેજો રજુ કરવા પરવાનગી મેળવવા માટેની છે. અરજીમાં જણાવેલ છે કે, સંજીવની આરોગ્ય ટ્રસ્ટ, ચેરીટી કમીશ્નરની ઓફીસમાં નોંધાયેલ છે તે નોંધણી સર્ટીફીકેટ, મેમોરેન્ડમ ઓફ એસોસીએશન/બંધારણની નકલ, સંસ્થાના હિસાબી વર્ષ–૨૦૦૯–૧૦ થી વર્ષ–૨૦૧૩–૧૪ ના વાર્ષિક આવક–જાવકના ઓડીટેડ રીપોર્ટની નકલ થતા ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૨(પી) મુજબ કરવામાં આવેલ કરારોની નકલ રજુ કરવા માંગે છે. જેના ખરાપણા અંગે શંકાને સ્થાન નથી અને આ દસ્તાવેજો આ કામમાં સંકળાયેલી તકરારનો નિર્ણય કરવા માટે જરૂરી અને સંબંધકર્તા દસ્તાવેજો છે. જેથી આ દસ્તાવેજો રજુ કરવા જરૂરી છે. આ સાથે જુદા લીસ્ટથી રજુ કરેલા દસ્તાવેજો રજુ કરવા પરવાનગી આપવા મહેરબાની કરશો.

**(૨)** બીજા પક્ષકાર તરફે હાલની અરજીનો જવાબ આંક–૨૩૭ થી રજુ કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, આંક–૨૩૬ થી પ્રથમ પક્ષકારના કબજામાં રહેલ દસ્તાવેજો બીજા પક્ષકાર તરફે જુબાની રજુ થયા બાદ રજુ કરવા પરવાનગી માંગતી અરજી કરેલ છે. તે બાબતે કોઈ સોગંદનામુ કરવામાં આવેલ નથી અને ઘણા લાંબા સમયગાળા બાદ કોઈપણ પુરતા, વાજબી કારણો દર્શાવ્યા વિના અરજી કરેલ છે. પ્રથમ પક્ષકારે સદર અરજી કયા કાયદા હેઠળ, કઈ

જોગવાઈઓ હેઠળ કરેલ છે તે અંગે સ્પષ્ટતા કરેલ નથી. બીજા પક્ષકારની જુબાની રજુ થયા બાદ ઉલટ તપાસના તબકકે પુરાવાઓ રજુ કરેલ છે. આંક–૨૩૬ ની અરજી રજુ કરેલ છે તે દસ્તાવેજો આજદિન સુધી આ દસ્તાવેજોની કયાં–કયાં શોધખોળ કરી હતી ? તે બાબતનો અરજીમાં કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી કે કોઈ જવાબદાર વ્યકિતનું સોગંદનામુ કરવામાં આવેલ નથી અને પ્રથમ પક્ષકાર આવા દસ્તાવેજો કયાં રાખતા હતા ? તે બાબતનો અરજીમાં કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી તથા પ્રથમ પક્ષકાર કયા જવાબદાર વ્યકિત પાસે આવા પત્રકો રાખતા હતા કે પ્રથમ પક્ષકાર પોતે રાખતા હતા ? તે બાબતનો અરજીમાં કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. આ દસ્તાવેજો રજુ કર્યા બાદ અન્ય કયા–કયા દસ્તાવેજોની શોધખોળ ચાલુ છે ? તે બાબતે પણ અરજીમાં સ્પષ્ટતા કરેલ નથી. આ દસ્તાવેજો પ્રથમ પક્ષકારને મળી આવેલ તે દસ્તાવેજો કયા–કયા સમયગાળા દરમ્યાનમાં શોધખોળ કરેલ અને આ દસ્તાવેજો કયાંથી મળી આવેલ ? તેની વિગત જણાવેલ નથી તેમજ આટલા વર્ષો દરમ્યાન ચાલુ કામે શોધખોળ ચાલુ છે તે બાબતની કોઈ જાણ કે અરજી નામદાર કોર્ટ સમક્ષ કરવામાં આવેલ નથી. આ દસ્તાવેજો કોને–કોને શોધખોળ કરેલ ? આ દસ્તાવેજો કયાંથી મળી આવ્યા ? કયાં તપાસ કરી ? આગળ તપાસ કરેલ કે કેમ ? કોને મળી આવ્યા ? તે બાબતની કોઈ એફીડેવીટ કરેલ નથી. પરંતુ આ પ્રથમ પક્ષનાએ એક જાતની ચાલાકી કરેલ છે તથા જે તે દસ્તાવેજો મળી આવેલ છે તે સંસ્થામાંથી મળેલ હોય કે અન્ય જગ્યાએથી મળી આવેલ હોય તેવુ સંસ્થા તરફે કોઈ સોગંદનામુ કરવામાં આવેલ નથી. પ્રથમ પક્ષકારે હાલ ઉપજાવી કાઢી, બનાવટી અને બોગસ દસ્તાવેજો રજુ કરેલ છે. પ્રથમ પક્ષકાર આવી અરજી આપી કાયદાનો દુરૂપયોગ કરી રહેલ છે. જો આ દસ્તાવેજો રજુ કરવા દેવા પરવાનગી આપવામાં આવે તો આ કેસને અસરકર્તા થાય તેમ છે અને બીજા પક્ષકાર કામદારને ઘણુ નુકશાન અને પ્રેઝયુડીસ થાય અને કાનુની હકકોને ગંભીર રીતે નુકશાન થાય તેમ છે. પ્રથમ પક્ષકારની અરજી કારણ વિનાની યાને કે કોઝ ઓફ એકશન વિનાની હોય રદ થવાને પાત્ર છે.

(૩) પ્રથમ પક્ષકાર તરફે વિ.વ.શ્રી જે.બી.જરીવાલાની દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે જણાવેલ છે કે હાલની અરજી સાથેના લીસ્ટ મુજબના દસ્તાવેજી પુરાવા બીજા પક્ષકારના ડીમાન્ડ રેફરન્સનો નિર્ણય કરવામાં જરૂરી અને ઉપયોગી દસ્તાવેજો છે. બીજા પક્ષકારના ડીમાન્ડ રેફરન્સ મુજબની માંગણીઓ મંજુર કરવાથી સંસ્થા તેવુ ભારણ ખમી શકે તેમ છે કે કેમ ?

તે નકકી કરવા માટે જરૂરી દસ્તાવેજો છે. સંસ્થાના વાર્ષિક અહેવાલોમાં ઓડીટ થયા મુજબના હોવાનો શેરો હોય છે.

**(૪)** બીજા પક્ષકાર તરફે યુનિયન પ્રતિનિધિશ્રી દિપકભાઈ પીપરોડીયાની દલીલો સાંભળવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે જણાવેલ છે કે, હાલનો રેફરન્સ ૨૦૧૨ ની સાલનો છે. આ કામે બીજા પક્ષકાર તરફે માંગણા નિવેદન તથા જુબાની રજુ થઈ ગયેલ છે. સંસ્થાના પ્રિન્ટેડ વાર્ષિક અહેવાલ રજુ કરવા માંગે છે તેની જગ્યાએ ઓડીટ થયેલ હિસાબો રજુ થવા જરૂરી છે. તેવા ઓડીટેડ હિસાબો રજુ કરે તો તે સામે વાંધો નથી. પુરાવા લીસ્ટના અનુ.નં.૮ થી ૧૩ વાળા દસ્તાવેજો તથા અનુ.નં.૧ થી ૩ નોંધણી સર્ટીફીકેટ અને મેમોરેન્ડમ ઓફ એસોસીએશન રજુ થવા સામે વાંધો નથી. પુરાવા લીસ્ટ મુજબના વાર્ષિક અહેવાલ ખર્ચ સાથે રજુ કરવા પરવાનગી આપવામાં આવે તો રજુ થયા સામે વાંધો નથી.

**(૫)** પ્રથમ પક્ષકાર તરફે હાલની અરજી સાથેના પુરાવા લીસ્ટના અનુ.નં.૧ થી ૩ અને અનુ.નં.૯ થી ૧૩ રજુ થવા સામે બીજા પક્ષકાર તરફે વાંધો નથી. પુરાવા લીસ્ટના અનુ.નં.૪ થી ૮ વર્ષ ૨૦૦૯–૧૦ થી વર્ષ ૨૦૧૩–૧૪ ના પ્રથમ પક્ષકાર સંસ્થાએ પ્રસિઘ્ધ કરેલ સંસ્થાના પ્રિન્ટેડ વાર્ષિક અહેવાલો છે. જેમાં સંસ્થાના વાર્ષિક હિસાબોનો સમાવેશ છે. બીજા પક્ષકારનો હાલનો વિવાદ સંબંધિત કામદારોના પગાર વધારા, મોંઘવારી ભથ્થા, ભરપગારી રજાઓ તથા અન્ય સવલતો અંગેની માંગણીઓ અંગેનો વિવાદ છે. આ માંગણીઓ અંગે નિર્ણય કરવા માટે કાયદાના પ્રસ્થાપિત સિઘ્ધાંત મુજબ સંસ્થાની આર્થિક સ્થિતિ પણ ઘ્યાને લેવી જરૂરી છે. જે માટે વાર્ષિક અહેવાલ મદદરૂપ થઈ શકે. જેથી રજુ થઈ રહેલ દસ્તાવેજો રજુ થવા માત્રથી બીજા પક્ષકારને કોઈ વિપરીત અસર થવા સંભવ નથી. હાલની અરજી સાથેના દસ્તાવેજી પુરાવા લીસ્ટ મુજબના અનુ.નં.૧ થી ૧૩ વાળા દસ્તાવેજી પુરાવા પ્રથમ પક્ષકાર સંસ્થાના કબજાના દસ્તાવેજો છે. આ દસ્તાવેજો શોધખોળ કરતાં મળી આવેલ હોવાથી હાલમાં રજુ કરી રહેલ હોવાની પ્રથમ પક્ષકારની હકીકત નથી. જેથી તે સંબંધી બીજા પક્ષકાર તરફે હાલની અરજીના જવાબમાં ઉપસ્થિત કરેલ પ્રશ્નો અસ્થાને છે. કુદરતી ન્યાયના સિઘ્ધાંત મુજબ પક્ષકારોને તેઓની રજુઆત તથા બચાવની પુરતી તક મળવી જોઈએ. આમ, આ તમામ હકીકતો ઘ્યાને લેતાં, પ્રથમ પક્ષકાર તરફેની હાલની અરજી મંજુર કરવી યોગ્ય અને ન્યાયોચીત જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

Ref.(IT) No. 11 of 2012
Order Under Ex-236

## ::– હુ ક મ –::

(૧) આથી પ્રથમ પક્ષકારની આંક–૨૩૬ ની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) આંક–૨૩૬ ની અરજી સાથેના પુરાવા લીસ્ટ મુજબના અનુ.નં.૧ થી ૧૩ વાળા દસ્તાવેજી પુરાવા રજુ કરવા પરવાનગી આપવામાં આવે છે.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આજ તા.૨૫/૮/૨૦૨૫ ના રોજ હુકમ કરવામાં આવ્યો.

( જયેશકુમાર શામળદાસ પટેલ )
સભ્ય,ઔદ્યોગિક અદાલત નં.૨,સુરત.
જજ કોડ નં.જીજે૦૦૫૬૧

(સ્ટેનો–સી.જી.ચૌધરી)